# MAAHI MILK PRODUCER COMPANY LIMITED

ટેન્ડર રેફરન્સ : માહી/Milk Route/EV/૨૦૨૬-૨૭

## દૂધ પરિવહન - EV વાહન ટેન્ડર નોટીસ

દૂધ પરિવહનના વ્યવસાય સાથે જોડાયેલા કોન્ટ્રાકટર/ટ્રાન્સપોર્ટર પાસેથી માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના તમામ દૂધ સંપાદન કેન્દ્ર (મિલ્ક પુલિંગ પોઈન્ટ– એમપીપી) ઉપરથી દૂધ શીત કેન્દ્ર (બી.એમ.સી./ચિલિંગ સેન્ટર) સુધીના દૂધ પરિવહન માટે **EV વાહન (**છકડો રીક્ષા, ટાટા એ.સી.ઈ., મહિન્દ્રા મેક્ષી, મહિન્દ્રા રોડ કીંગ, યુટીલીટી, વિગેરે **વાહનની સમકક્ષ)** કેન દ્વારા વિવિધ માહી મિલ્ક પુલિંગ પોંઈન્ટ (એમ.પી.પી.) પરથી વિવિધ જીલ્લાના બી.એમ.સી. / સી.સી. વિગેરે સેન્ટરો ઉપર કેન દ્વારા દૂધ પરિવહન કરવા **EV વાહન** માટે વાર્ષિક કોન્ટ્રાકટથી નિયત ટેન્ડર અરજી થકી સીલબંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે.

| માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના વિવિધ દૂધ સંપાદન કેન્દ્ર થી દૂધ શીત કેન્દ્ર ઉપર દૂધ પરિવહનની (EV વાહન) દ્વારા સેવા માટે | | |
|---|---|---|
| ૧. | કામગીરી માટેનું સ્થળ : | માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ રાજકોટના વિવિધ મિલ્ક પુલિંગ પોઈન્ટ પરથી દૂધ શીત કેન્દ્ર (બી.એમ.સી.) / શીત કેન્દ્ર સુધીના દૂધ પરિવહન EV વાહન માટે. |
| ૨. | ટેન્ડર મેળવવા તથા જમા કરાવવા નું સરનામું : | માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, ડીસ્ટ્રીકટ ઇન્ચાર્જશ્રી, પોરબંદર શીત કેન્દ્ર, પ્લોટ નં.૪૪૦, અપોલો ટાયર પાસે, ઉદ્યોગ નગર GIDC, પોરબંદર ૩૬૦૫૭૭<br>નોંધ: કંપનીની હેડ ઓફિસ પરથી પણ ટેન્ડર મેળવી અને જમા કરાવી શકાશે<br>એડમીન બ્લોક, એનીમલ ફીડ અને ન્યુટ્રીશન યુનિટ, રાજકોટ-જામનગર હાઇવે, ગામ: ખંઢેરી, તાલુકો પડધરી, જિલ્લો: રાજકોટ-૩૬૦૧૧૦ (મો.) ૮૯૮૦૦ ૩૪૫૯૫ |
| ૩. | ટેન્ડર મેળવવાની તારીખ તથા અવધી : | ૨૧/૦૯/૨૦૨૬, સોમવાર સવારે ૧૦:૦૦ કલાક થી ૦૮/૧૦/૨૦૨૬, ગુરુવાર સાંજના ૫:૦૦ કલાક સુધી ટેન્ડર નીચેની વેબસાઈટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.<br>https://www.maahimilk.com |
| ૪. | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ : | ૧૨/૧૦/૨૦૨૬, સોમવાર સાંજના ૫:૦૦ કલાક સુધી. |
| ૫. | ઈ.એમ.ડી. ડિપોઝિટ (રિફંડેબલ) | ટેન્ડર મળ્યા બાદ પ્રથમ માસીક બીલના ૫૦ ટકા રકમ સિક્યોરીટી ડીપોઝિટ પેટે "માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ" ના નામે જમા રાખવાની રહેશે. |

ટેન્ડર મંજુર/ના મંજુર/રી ટેન્ડર કરવાના તમામ હકકો, સતા અને અધિકારો માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના મુખ્ય કાર્યપાલકશ્રીને રહેશે તેમજ ટેન્ડર પ્રક્રિયાના તમામ હકકો માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ અબાધિત રાખે છે. માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ પોતાની જરૂરિયાત મુજબ ટેન્ડર અથવા તમામ ટેન્ડરો કોઈપણ જાતના કારણ બતાવ્યા વગર રદ કરી શકે છે. ટેન્ડરના લખાણનું અર્થઘટન માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડનું આખરી અને માન્ય રહેશે.

કોઈપણ તકરારનું ન્યાય અધિકાર ક્ષેત્ર માત્ર ખંઢેરી(પડધરી) રહેશે.

– ટેન્ડર કામગીરી બાબતે કોઈપણ માહિતી જે તે જીલ્લાની ઓફિસ ઉપરથી મેળવી શકાશે.

## દૂધ પરિવહન કોન્ટ્રાક્ટમાં EV વાહન રાખવા માટે નું અરજી પત્રક

તારીખઃ–......./......./.........

પ્રતિ શ્રી,
હેડ મિલ્ક પ્રોક્યુરમેન્ટશ્રી,
માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ,
એડમીન બ્લોક, અનીમલ ફીડ & ન્યુટ્રીશન યુનિટ,
ખંઢેરી, તા-પડધરી, જિલ-રાજકોટ
રાજકોટ–૩૬૦૧૧૦

સવિનય સહ જણાવવાનું કે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ રાજકોટ દ્વારા નક્કી કરેલ દૂધ પરિવહન સેવા માટે ૨૦૨૬–૨૦૨૭ ના વર્ષ માં.................. બી.એમ.સી. / સા.સા. ના............................................રૂટમાં, મારૂ વાહન.........................................નંબર........................ને દૂધ પરીવહનના વાર્ષિક કોન્ટ્રાકટ માટે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના કોન્ટ્રાકટની શરતોને આધીન રહીને નીચે જણાવેલ પ્રતિ કિ.મી./લિટર/દૈનિક ના ભાવથી હુ મારુ વાહન ચલાવવા તૈયાર છું. **<u>પ્રતિ કિ.મી. / લિટર / દૈનિક ના ભાવ રૂા.પૈ. ................................અંકે રૂા...........................................................છેં.</u>**

૧. બી.એમ.સી./સી.સી.નુ નામ :–..........................................................................................................................

૨. રૂટ નું નામ :–.....................................................................................................................................

૩. પ્રતિ કિ.મી./ લિટર/ દૈનિક ના ભાવ રૂા.પૈ. .........................................અંકે રૂા.....................................................................

૪. અરજદારનું નામ :–.....................................................................................................................................

૫. હાલનો વ્યવસાય :–.....................................................................................................................................

૬. સરનામુ અને પીન કોડ :–................................................................................................................................

૭. મોબાઈલ નંબર :–.....................................................................................................................................

૮. વાહનનો પ્રકાર :–.....................................................................................................................................

૯. વાહનની ક્ષમતા (કેપેસીટી) આર.સી. બુક મુજબ :–.......................................................................................................

૧૦. આર.સી. બુકમાં નામ :– .................................................................................................................................

૧૧. ડ્રાઈવિંગ લાયસન્સ નંબર અને એક્ષપાયરી ડેટ :– .......................................................................................................

૧૨. આધાર કાર્ડ નંબર (ઝરોક્ષ કોપી લગાવવી) :– ...........................................................................................................

૧૩. પાન કાર્ડનંબર (ઝરોક્ષ કોપી લગાવવી) :–.............................................................................................................

૧૪. બેંકનું નામ અને ખાતા નંબર :–..........................................................................................................................

૧૫.આગાઉ કયારેય માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, સાથે સહાયક / રૂટ કોન્ટ્રકટ કે અન્ય કોઈ પણ રીતે કામ કરેલુ છે ? હા......... / ના.........,

જો હા તો તેની વિગતો દર્શાવો..............................................................................................................................

૧૬. શુ આપ ગુનાહિત ઈતિહાસ ધરાવો છો. જો હા, તો તેની વિગતો દર્શાવો.................................................................................

---

આથી હું ખાતરી પૂર્વક જાહેર કરું છું. કે મને માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ કે અન્ય સરકારી/ અર્ધસરકારી/ સરકારી હસ્તકની સંસ્થાઓ દ્વારા કયારેય પણ ગેરલાયક ઠરાવેલ નથી કે મારી ગેરલાયકાતનો સમય ચાલુ નથી. ઉપર જણાવેલ તમામ વિગતો મારી જાણ મુજબ સાચી છે અને જો તેમાં કોઈપણ વિગત ખોટી હશે કે વિસંગતા હશે તો તે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ નો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

અરજદારનું નામ...................................................................................................સહી અને સિકકો............................................................

## માહી દૂધ પરિવહન (ટ્રાન્સપોર્ટેશન) માટેના EV વાહન ટેન્ડરની શરતો

૦૧. કંપનીના નિતી નિયમો મુજબ નિર્ધારીત શરતોનો કરાર કરવાનો રહેશે.

૦૨. વાહનનો ગતિ–બતાવતો કિલોમીટર કાંટો ચાલુ હોવો જોઈએ.

૦૩. કંપનીના નિયમ મુજબ કિલોમીટર (ટ્રિપ દરમિયાન કિલોમીટર) ગણવામાં આવશે જેમા આવક–જાવક બંને બાજુના કિલોમીટરનો સમાવેશ થાય છે. જો પ્રતી લિટર પ્રમાણે હોય તો ખરેખર વાહનમાં પરિવહન કરેલ દૂધના જથ્થા મુજબની ગણતરી કરવામાં આવશે.

૦૪. કોન્ટ્રાકટરને જો કોન્ટ્રાકટ ફાળવવામાં આવે તો પ્રતિ વાહન મુજબ તેમના પ્રથમ માસીક બીલના ૫૦ ટકા રકમ સિકયોરીટી ડીપોઝિટ પેટે ''માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ'' ખાતે જમા રાખવાની રહેશેં. જેનુ કોઈપણ પ્રકારનું વ્યાજ કંપની દ્વારા ચુકવવામાં આવશે નહી.

૦૫. ટેન્ડર ભરનાર વ્યકિતના નામનુ જ વાહન હોવુ જોઈએ અન્યથા ભરેલ ટેન્ડર ગેરલાયક ઠરશે. વાહનના જરૂરી કાગળો તેમજ ડ્રાઈવરના લાયસન્સ ની ઝરોક્ષ (નકલ) કંપનીની ઓફિસ ખાતે જમા કરાવવાની રહેશેં. ડ્રાઈવર બદલવાના કિસ્સામાં કંપનીને પ્રાથમિક જાણ કરવાની રહેશે તેમજ તેના લાયસન્સની કોપી કંપનીમાં તુરંત જમા કરાવવાની રહેશે.

૦૬. કંપનીના નીતિ–નિયમો અનુસાર દૂધ ભરવાના સ્થળ તેમજ ખાલી કરવાના સ્થળે સમયાનુસાર વાહન પહોંચડવાનું રહેશે.

૦૭. કોન્ટ્રાકટમાં નકકી થયેલ રૂટનું વાહન જો કોઈ કારણસર બગડે કે ઉપયોગમાં લઈ શકાય તેમ ન હોય તો જે તે સમયે કોન્ટ્રાકટરે પોતાના નિયત રૂટમાં બીજા EV વાહનની વ્યવસ્થા તાત્કાલિક ધોરણે કરીને મોકલવાનું રહેશે તથા તે અંગેની સીધી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જેની સત્વરે જાણ કરવાની રહેશે.

૦૮. ટ્રાન્સપોર્ટરે આર.ટી.ઓ. ના મોટર વ્હીકલ એકટ તથા જે તે સમયે અમલ થનાર સરકારશ્રીના કાયદાઓ અને નિયમોનું પાલન કરવાનું રહેશે, અને તે અગેની સંપૂર્ણ જવાબદારી ટ્રાન્સપોર્ટરની રહેશેં.

૦૯. દૂધ પરિવહન માટેના વાહનમાં તાજેતરના સરકારશ્રીના નિયમ મુજબ–ભારે વાહનનુ ડ્રાઈવિંગ લાયસન્સ, આર.સી.બુક, ફિટનેસ સર્ટિફિકેટ, પરમિટ, વિમા ની નકલ, વગેરે જેવા કાગળો વાહન સાથે રાખવાના રહેશેં.

૧૦. દૂધ પરિવહનની ફરજ દરમ્યાન કોઈ પોલીસ અધિકારી અથવા મોટર વાહન અધિકારી દ્વારા તપાસ કરતા જે ગુના મુજબનો દંડ/માંડવાળ ફી ની રકમ ભરવાની થાય તો તેના માટે કોન્ટ્રાકટર જવાબદાર રહેશે. આથી આવા કારણોસર વાહન તેના પૂર્વ નિર્ધારીત સમય પર જે–તે સ્થળ પર મોડુ પહોંચશે તો એ માટે કોન્ટ્રાકટરશ્રીની જવાબદારી રહેશે અને તે માટે કંપની દંડ લાદી શકે છે અને તેની કપાત ટ્રાન્સર્પોટેશન બિલમાથી કરવામાં આવશે તેમજ વાંરવાર થતાં આવા પ્રકારના કિસ્સામાં કરાર રદ પણ થઈ શકે છે.

૧૧. ટ્રાન્સપોર્ટરે દૂધ ભરવા માટે નિયત સમયે મિલ્ક પુલિંગ પોઈંટથી દૂધ શીત કેન્દ્ર સુધી કંપની દ્વારા નિયત કરેલા રૂટ થી જવાનુ–આવવાનું રહેશે, તેમજ નિયત સમય મર્યાદામાં પહોચવાનું રહેશે, તેમ કરવામાં જો કોઈ કસુર થશે તો દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.

૧૨. પરિવહન માટે નિયત સમય મર્યાદામાં ન પહોંચવાથી થયેલ દૂધની ગુણવત્તમાં ફેરફાર માટે અથવા તો દૂધ ખાટુ થવાની બાબતમાં કોન્ટ્રાકટર પાસેથી નૂકશાનની રકમ વસુલવામાં આવશે જે તેમના માસીક બીલ–ડીપોઝિટ માથી વસુલવામા આવશે અને જરૂર જણાશે તો કાયદાકીય રાહે વસુલાશે.

૧૩. દૂધ પરિવહન દરમિયાન જથ્થો કે ગુણવત્તામાં (વજન, ફેટ, એસ.એન.એફ) તફાવત તથા વાહન શંકાસ્પદ લાગશે તો તાત્કાલિક અસરથી દૂધ વાહન બ્લેક લીસ્ટ કરી કોન્ટ્રાકટ રદ કરવામાં આવશેં અને કંપનીને થયેલ નાણાકીય નુકસાન કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે.

૧૪. ટ્રાન્સપોર્ટર દ્વારા રાખવામાં આવેલ ડ્રાઈવર /માણસથી કંપનીની મિલ્કતો કે અન્ય કોઈ જાન માલને નુકસાન થશે તો તે અંગેની તમામમ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જો કોઈ ફોજદારી કે દિવાની જવાબદારી ઉભી થાય તો તે અંગેની કોઈપણ જવાબદારી કંપનીની રહેશે નહી.

૧૫. ટ્રાન્સપોર્ટર ના વાહનથી કોઈ અકસ્માત થાય અને તે કારણે કોઈપણ પ્રકારે કાનુની કાર્યવાહી તેમજ અન્ય ચુકવવાપાત્ર થતા વળતર સહિતની જવાબદારી ટ્રાન્સપોર્ટર ની રહેશે.

૧૬. ટ્રાન્સપોર્ટરે પોતે તેમજ નિયુકત કરેલ ડ્રાઈવર /માણસો કંપનીમાં તેમજ બી.એમ.સી. ના સ્થળે ચોખ્ખાઈ રાખશે, પાર્કિંગ વ્યવસ્થિત કરશે, સારૂ વર્તન કરશે, સ્વચ્છ/વ્યવસ્થિત યુનીફોર્મમાં આવશે તેમજ સમયે સમયે લાગુ પડતા અન્ય નીતિ નિયમોનુ અચુક પાલન કરવાનું રહેશે. પ્રતિબંધિત પદાર્થનું સેવન ધુમ્રપાન કરશે નહીં જેવા કે બીડી, સીગારેટ, ગુટખા, પાન કે અન્ય પદાર્થ નું સેવન કરી

શકશે નહી. કંપનીના અધિકારીઓની સુચનાઓનુ અવશ્ય પાલન કરવાનું રહેશે, જો આવી કોઈપણ બાબતનો ભંગ થયેલ માલુમ પડશે તો શિક્ષાત્મક / દંડનીય પગલા કંપની દ્વારા લઈ શકાશે તેમજ કરાર પણ રદ થઈ શકે છે.

૧૭. બિલનું ચૂકવણુ બિલ તથા જરૂરી દસ્તાવેજ સાથે જમા કરાવ્યા બાદ ૨૦ કામકાજના દિવસમાં કંપની દ્વારા કરવામા આવશે.

૧૮. હાલના EV ચાર્જીંગ ના ભાવ તા. ૦૧/૦૯/૨૦૨૬ ના અનુસંધાને **સરેરાશ યુનિટદીઠ** ભાવ રૂ. <u>૧૦.૦૦</u> લેખે ગણતરી કરી ભાવ ભરવાનો રહેશે.

૧૯. વાહનમાં દૂધની ગુણવત્તા જળવાઈ રહે તે માટે સમયાંતરે વાહનની અંદર–બહારની સંપૂર્ણ સફાઈ કરાવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૦. કોન્ટ્રાકટમાં મુકરર કરેલ વાહનને અન્ય કોઈ જગ્યાએ દૂધ પરિવહન માટેના કોન્ટ્રાકટમાં મૂકી શકાશે નહી, જો આવુ કોઈ વાહન અન્યત્ર મૂકેલ માલુમ પડશે તો સદર કોન્ટ્રાકટરનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૧. કોન્ટ્રાકટરના આ દૂધ પરિવહનના કરાર અન્વયે આંશિક કે સંપૂર્ણ કામગીરી અન્યને કે પેટા કોન્ટ્રાકટ માટે આપી કે કરાવી શકાશે નહી. જો આમ કરતા માલૂમ પડશે તો તાત્કાલિક ધોરણે કરાર રદ કરી બીલ તથા ડીપોઝિટ જપ્ત કરવામાં આવશે.

૨૨. કોન્ટ્રાકટમાં રાખેલ વાહનમાં ડ્રાઈવર સિવાય બીજી અન્ય કોઈ વ્યકિત બેસાડવી એ દંડને પાત્ર થશે અને જો કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો તે માટે કંપની જવાબદાર રહેશે નહી.

૨૩. દૂધ પરિવહન દરમ્યાન શીત કેન્દ્ર/ડેરી પ્લાન્ટથી મિલ્ક પુલિંગ પોંઈટ સુધી આવતા–જતા વાહનમાં કંપનીની જરૂરી વસ્તુ લઈ જવા–આવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૪. દૂધ પરિવહન માટે વર્ષ **જુન-૨૦૨૨** પછીનું મોડલ દૂધ પરિવહનમાં રાખવાનું રહેશે તેમજ વાહનની આર. સી. બુક ટ્રાન્સપોર્ટર/ કોન્ટ્રાકટરના નામે હોવુ જોઈએ અથવા કોન્ટ્રાકટરના નામે વાહન ઉપયોગ કરવાનું કરારનામું અથવા થર્ડ પાર્ટી વાહન માટે ના ઉપયોગનું એફીડેવીટ હોવું જોઇએ.

૨૫. ટેન્ડરના નિયમ સિવાય કરારના તમામ નિયમો કોન્ટ્રાકટર/ટ્રાન્સપોર્ટરને માન્ય રહેશે જેનુ પાલન કરવાનું રહેશે.

૨૬. દુધ પરિવહન દરમ્યાન કોઈપણ ગેરકાનુની પદાર્થ તેમજ અન્ય વસ્તુઓનું પરિવહન કરી શકાશે નહીં. જો આમ કરવામાં આવશે તો કંપની કરાર રદ કરશે અને આ કૃત્ય થી કંપનીને થયેલ નુકસાન બદલ તાત્કાલિક ધોરણે કરાર રદ કરી બીલ તથા ડીપોઝિટ જપ્ત કરવામાં આવશે.

કવર

## માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ - દૂધ પરિવહન EV વાહન માટેનુ ટેન્ડર

બી.એમ.સી. / સી.સી. નું નામ............................જીલ્લાનું નામ..........................

રૂટનું નામ..................................................................................................

પ્રતિશ્રી,

**ડીસ્ટ્રીકટ ઈન્ચાર્જશ્રી,**

**માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ**

પોરબંદર શીત કેન્દ્ર,

પ્લોટ નં.૪૪૦, અપોલો ટાયર પાસે,

ઉદ્યોગ નગર GIDC, પોરબંદર ૩૬૦૫૭૭

ફોન ૮૯૮૦૦ ૩૪૯૧૪

મોકલનારઃ–

ટેન્ડર ભરનારનું નામઃ ..............................................................................

મોબાઈલ નંબર : ..............................................................................

સરનામું : ..............................................................................

..............................................................................................

..............................................................................................

ઈમેઈલ ..............................................................................................